# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




**આણંદ, પેટલાદ, ઉમરેઠ, બોરસદ, સોજિત્રા, તારાપુર, ખંભાત તા.પં.માં ભાજપના પ્રમુખ-ઉપ પ્રમુખ, જયારે કોંગ્રેસના પ્રમુખ ઉપપ્રમુખ આંકલાવ તાલુકા પંચાયતમાં સત્તારૂઢ**

# આણંદની આઠેય તાલુકા પંચાયતમાં સુકાની નિયુક્ત

(પ્રતિનિધિ) આણંદ તા ૨૩

આણંદ જિલ્લાની ૮ તાલુકા પંચાયતોના પ્રમુખ-ઉપપ્રમુખની ગતરોજ તા ૨૨ મી મેના રોજ જે તે તાલુકા પંચાયતના અધ્યાસી અધિકારી સમક્ષ આણંદ, પેટલાદ, બોરસદ, ઉમરેઠ, તારાપુર, ખંભાત સોજિત્રા અને આંકલાવ તાલુકા પંચાયતમાં બન્ને પદ માટે ફોર્મ ભરવામાં આવ્યા હતા. જેમાં આંકલાવ સિવાયની તમામ તાલુકા પંચાયતોમાં ભાજપે પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન, પક્ષના નેતા અને દંડકની પસંદગી કરી છે. ભાજપ દ્વારા મેન્ડેટ આપવામાં આવેલા ઉમેદવારોએ પોતાના નામાંકન પત્ર રજુ કર્યા હતા. જો કે આજે ૨૩ મી મે ના રોજ પ્રમુખ-ઉપ પ્રમુખની ચૂંટણીની ઔપચારીકતા પૂર્ણ કરી ફોર્મ રજૂ કરનાર ઉમેદવારોને બીનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા છે. ભાજપની ૭ અને કોંગ્રેસની ૧ તાલુકા પંચાયતમાં હવે વિધિવત રીતે નવનિયુક્ત હોદ્દેદારો સત્તાની ધુરા સંભાળશે. ઉમરેઠ, સોજિત્રા, બોરસદ તાલુકા પંચાયતોમાં પ્રમુખ પદે મહિલાઓને જવાબદારી સોંપવામાં આવી છે.

આણંદ, ઉમરેઠ, પેટલાદ, બોરસદ, સોજિત્રા, તારાપુર, ખંભાત અને આંકલાવ તાલુકા પંચાયતના પ્રથમ અઢી વર્ષના કાર્યકાળ માટે પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. જેમાં ૨૨ મી ને શુક્રવારના રોજ ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. જે સંદર્ભે શનિવારે ફોર્મ રજૂ કરનાર ઉમેદવારોને બીનહરીફ નિમણૂક કરવામાં આવ્યા છે.



**પ્રમુખ :** અશોકભાઈ ઠાકોર, **ઉપપ્રમુખ :** કુશાંગીબેન પટેલ અને **કારોબારી ચેરમેન :** ભરતભાઈ ડાભી.



**પ્રમુખ :** પુનિતાબેન પટેલ, **ઉપપ્રમુખ :** પ્રવિણસિંહ પરમાર અને **કારોબારી ચેરમેન :** ગૌરવકુમાર ઠાકોર.



**પ્રમુખ :** રણજીતસિંહ પરમાર, **ઉપપ્રમુખ :** જ્યોતિબેન સોલંકી અને **પક્ષના નેતા :** વિજયભાઈ ગોહેલ.



**પ્રમુખ :** સોનલબેન રાકેશભાઇ પઢિયાર, **ઉપપ્રમુખ :** કનુભાઈ શિવાભાઈ ઠાકોર.



**પ્રમુખ :** સોનલબેન પટેલ, **ઉપપ્રમુખ :** દક્ષાબેન ગોહેલ અને **કારોબારી ચેરમેન :** ઘનશ્યામભાઇ ગોહેલ.



**પ્રમુખ :** સોનલબેન ગોહેલ, **ઉપપ્રમુખ :** શક્તિસિંહ મહિડા અને **કારોબારી ચેરમેન :** રમેશભાઈ રાઠોડ.



**પ્રમુખ :** નમન વ્યાસ, **ઉપપ્રમુખ :** ઇન્દુબેન ચૌહાણ અને **કારોબારી ચેરમેન :** વિપુલભાઇ જાદવ.



**પ્રમુખ :** મંગળભાઇ સોલંકી, **ઉપપ્રમુખ :** ગૌરીબેન ગોહેલ અને **કારોબારી ચેરમેન :** બિપીનભાઇ પટેલ.

---

**IELTS ના શિક્ષકે જ જાળ બિછાવી | કલેક્ટર કચેરી પાસે પાકો કરાર કરી વિશ્વાસ જીત્યો**

## આણંદમાં એન્જિનિયર યુવક સાથે વિદેશના વર્ક વિઝાના નામે ₹ ૩૫ લાખની છેતરપિંડી

**ઓસ્ટ્રેલિયા હોમ** અફેર્સમાં તપાસ કરતા નકલી વિઝા લેટરનો ભાંડો ફૂટ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૨૩

આણંદ અને ખંભાત પંથકમાં વિદેશ જવાની ઘેલછાનો લાભ ઉઠાવી એજન્ટો દ્વારા એક એન્જિનિયર યુવક પાસેથી ૩૫ લાખ પડાવી લઈ ઓસ્ટ્રેલિયાનો નકલી વર્ક વિઝા લેટર પધરાવી દેવાની સનસનાટીભરી ઘટના સામે આવી છે.

ખંભાતની દીપદર્શન સોસાયટીમાં રહેતા અને B.Tech સુધી અભ્યાસ કરેલા ૨૬ વર્ષીય સ્મીત વિલિયમ જાદવ વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન વિદ્યાનગરમાં IELTS ના ક્લાસ કરતા હતા. આ દરમિયાન તેમનો પરિચય ઈંગ્લિશ ટીચર વિલ્સન દાનિયેલભાઈ ચૌહાણ સાથે થયો હતો. વિલ્સને પોતાની 'ફોર્ચ્યુન ઈન્ટરનેશનલ' નામની ઓફિસ હોવાનું જણાવી સ્મીતને ઓસ્ટ્રેલિયાના બે વર્ષના વર્ક પરમિટ વિઝા અપાવવાની લાલચ આપી હતી.

આણંદ કલેક્ટર કચેરી પાસે આવેલી વકીલની ઓફિસે ૧૨મી ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ બોલાવી વિઝા અંગેનો પાકો કરાર કરવામાં આવ્યો હતો. વિશ્વાસમાં લેવા માટે એડવાન્સ પેટે ૫ લાખનો ચેક લીધા બાદ, વિઝા ફી અને અન્ય પ્રોસેસના નામે અલગ-અલગ સમયે RTGS અને ઓનલાઈન ટ્રાન્સફર દ્વારા કુલ ૩૫ લાખ પડાવી લેવામાં આવ્યા હતા].

ઈન્ટરનેશનલ કોલ કરતા ભાંડો ફૂટ્યો

એજન્ટે વોટ્સએપ પર વિઝા લેટર મોકલ્યો હતો, પરંતુ તેમાં જરૂરી વિગતો છુપાવેલી હોવાથી શંકા ગઈ હતી. એજન્ટોના ફોન બંધ આવતા ફરિયાદીએ સીધો જ 'હોમ અફેર્સ ઓસ્ટ્રેલિયા' ના નંબર પર ઈન્ટરનેશનલ કોલ કરીને પાસપોર્ટ નંબરના આધારે તપાસ કરાવી હતી. ઓસ્ટ્રેલિયા સરકારે આવા કોઈ વિઝા ઈશ્યુ ન થયા હોવાનું જણાવતા આખો લેટર નકલી હોવાનું સાબિત થયું હતું. આણંદ ટાઉન પોલીસે શિક્ષક વિલ્સન ચૌહાણ અને મુંબઈના વૈભવ શિંદે વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## આણંદના કલેક્ટરની તબિયત સુધારા પર

(પ્રતિનિધિ) આણંદ તા.૨૩

આણંદ કલેક્ટર પ્રવિણ ચૌધરીને શુક્રવારે ફરજ દરમિયાન જ છાતીમાં તકલીફ જણાતા તુરંત આણંદ જનરલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં સિવિલ સર્જન ડોક્ટર અમર પંડ્યા દ્વારા જરૂરી તપાસ કરવામાં આવી હતી. ઈસીજી, ઈકો અને બ્લડ રિપોર્ટમાં હૃદયની તકલીફ જણાતા વધુ સારવાર માટે તેમને તાત્કાલિક શહેરની ખાનગી આકાંક્ષા હોસ્પિટલના આઈસીયુમાં ખસેડવામાં આવ્યાં હતાં. ડોક્ટરોના જણાવ્યા અનુસાર, કલેક્ટરને હાર્ટ એટેક આવ્યા બાદ આપવામાં આવેલી પ્રાથમિક સારવારથી તેમની તબિયતમાં ઘણો સુધારો છે. હાલ સાવચેતીના ભાગરૂપે ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવ્યા છે.

---

**પક્ષના મેન્ડેટ મુજબ નવા હોદ્દેદારોએ સંભાળ્યો કાર્યભાર**

## ખેડા જિલ્લાની તમામ ૯ તાલુકા પંચાયતમાં ભાજપનો દબદબો

**તમામ તાલુકા પંચાયત** પર પ્રમુખ-ઉપપ્રમુખની વરણી સંપન્ન

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૩

ખેડા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ઐતિહાસિક વિજય બાદ, આજે જિલ્લાની 9 તાલુકા પંચાયતોના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ હતી. ભાજપ હાઈકમાન્ડ દ્વારા અપાયેલા મેન્ડેટ મુજબ તમામ બેઠકો પર પક્ષના ઉમેદવારો સત્તાવાર રીતે વિજેતા જાહેર થયા છે અને તેઓએ વિધિવત રીતે પંચાયતોનું સુકાન સંભાળી લીધું છે.

સંબંધિત તાલુકા વિકાસ અધિકારીઓની અધ્યક્ષતામાં યોજાયેલી આ ચૂંટણી પ્રક્રિયામાં બહુમતી ભાજપની તરફેણમાં હોવાથી તમામ ઉમેદવારો ચૂંટાઈ આવ્યા હતા. ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતા જ કાર્યકરો અને સમર્થકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. નવા ચૂંટાયેલા હોદ્દેદારોએ કાર્યભાર સંભાળતાની સાથે જ ગ્રામ્ય સ્તરે વિકાસના કામોને વધુ ગતિશીલ બનાવવાનો નિર્ધાર વ્યક્ત કર્યો છે. આ સાથે તમામ તાલુકા પંચાયતમાં ભાજપનો દબદબો દેખાયો હતો.










**ખેડા:** પ્રમુખ તરીકે પ્રતિક કુમાર પટેલ અને ઉપપ્રમુખ પદે પ્રીતિબેન ગોહેલ (બિનહરીફ).
**માતર:** પ્રમુખ પદે ભાવનાબેન ગોહેલ અને ઉપપ્રમુખ પદે દશરથકુમાર રાઠોડ.
**વસો:** પ્રમુખ તરીકે દશરથભાઈ ગોહેલ અને ઉપપ્રમુખ તરીકે સંગીતાબેન સોલંકી.
**નડિયાદ:** પ્રમુખ પદે રમીલાબેન સોલંકી અને ઉપપ્રમુખ પદે નીતાબેન મહેશભાઈ રાઠોડ.
**મહેમદાવાદ:** પ્રમુખ તરીકે અજયભાઈ ડાભી અને ઉપપ્રમુખ તરીકે વીમુબેન પરમાર.
**મહુધા:** પ્રમુખ પદે નિશાંત શાહ અને ઉપપ્રમુખ પદે કૈલાશબેન સોઢા.
**ફાગવેલ:** પ્રમુખ તરીકે પ્રિયંકાબેન વાઘેલા અને ઉપપ્રમુખ તરીકે કલ્પનાબેન રાઠોડ.
**ઠાસરા:** પ્રમુખ પદે કોમલબેન સોલંકી અને ઉપપ્રમુખ પદે મહેન્દ્રસિંહ પરમાર.
**ગળતેશ્વર:** પ્રમુખ તરીકે સોનલબેન પટેલ અને ઉપપ્રમુખ તરીકે નયનાબેન ચૌહાણ.

---

**પશુપાલકો દ્વારા કામમાં અડચણ ઉભી કરાશે તો પોલીસ કાર્યવાહી થશે**

## નડિયાદમાં ઢોર મામલે ધારાસભ્યે મનપા-એજન્સીને ચેતવણી આપી

**એજન્સી કામગીરી** નહીં સુધારે તો ટેન્ડર તાત્કાલિક રદ્દ થશે

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૩

નડિયાદ શહેરમાં પીજ રોડ પર આવેલી ગીતાંજલી સોસાયટી પાસે રખડતી ગાયે અચાનક હુમલો કરતા ત્યાંથી પસાર થઈ રહેલા ભૂમિ પટેલ અને તેમના પુત્ર અક્ષરને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ ઘટનામાં માતા-પુત્ર લોહીલુહાણ હાલતમાં સારવાર હેઠળ હોવાથી સ્થાનિકોમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે.

આ ઘટના બાદ ધારાસભ્ય પંકજ દેસાઈએ આકરા પાણીએ થઈને નડિયાદ મહાનગર પાલિકા અને ઢોર પકડ એજન્સી સામે ભારે નારાજગી વ્યક્ત કરી છે. તેમણે કમિશનરને પત્ર લખી સ્પષ્ટ જણાવ્યું છે કે જો એજન્સી દ્વારા ઢોર પકડવાની કામગીરીમાં સઘનતા લાવવામાં નહીં આવે, તો એક પણ મિનિટનો વિલંબ કર્યા વિના તેમનું ટેન્ડર તાત્કાલિક અસરથી રદ્દ કરી દેવામાં આવશે. નાગરિકોના જીવ જોખમમાં મૂકાય તેવી કોઈ પણ બેદરકારી હવે ચલાવી લેવામાં આવશે નહીં તેવો કડક સંદેશ તંત્રને પાઠવવામાં આવ્યો છે.

નડિયાદ ધારાસભ્યએ પશુપાલકોને પણ તાકીદ કરી છે કે તેઓ પોતાના પશુઓ રસ્તા પર રખડતા મૂકવાને બદલે પોતાના વાડામાં બાંધી રાખે. અગાઉ ઢોર પકડવાની કામગીરી દરમિયાન પશુપાલકોના ટોળા દ્વારા અડચણ ઉભી કરાતી હોવાની ફરિયાદો ઉઠી હતી. આ બાબતે ધારાસભ્યએ સ્પષ્ટ કર્યું છે કે જો હવે કોઈ પણ પશુપાલક સરકારી કામમાં વિઘ્ન ઉભું કરશે, તો તેમની સામે સીધી પોલીસ ફરિયાદ દાખલ કરી કાર્યવાહી કરવામાં આવશે.

## ઘુંટેલી ગામ પાસે પીકઅપ ડાલાની ટક્કરે વૃદ્ધનું મોત

(પ્રતિનિધિ) પેટલાદ તા.૨૩

પેટલાદ તાલુકાના ઘુંટેલી ગામથી રવિપુરા ચોકડી તરફ જવાના રોડ પર ઉભેલા એક ૬૫ વર્ષીય વૃદ્ધને પૂરપાટ ઝડપે આવતા બોલેરો પીકઅપના ચાલકે ગફલતભરી રીતે હંકારી પાછળથી જોરદાર ટક્કર મારતા મોત નિપજ્યું હતું.

પેટલાદના ઘુંટેલી ગામે રહેતા અને ખેતીકામ કરતા મથુરભાઈ કાભઈભાઈ રાઠોડ (ઉ.વ. ૬૫) ગત ૨૧મી મે, ૨૦૨૬ ના રોજ વહેલી સવારે પોણા છ વાગ્યાની આસપાસ પોતાના ઘર આગળ ઉભા હતા. આ દરમિયાન વડતાલ-ઘુંટેલી તરફથી આવતા એક બોલેરો પીકઅપ (નંબર જીજે 04 એએડબ્લ્યુ 9446) ના ચાલકે મથુરભાઈને પાછળથી જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માત એટલો ભયાનક હતો કે વૃદ્ધને માથાના ભાગે અતિશય લોહી નીકળવા લાગ્યું હતું. આ ઘટનાની જાણ થતા જ મૃતકના પુત્ર રામજીભાઈ રાઠોડ ખેતરેથી દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત પિતાને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે શ્રી કૃષ્ણ હોસ્પિટલ, કરમસદ ખાતે ખસેડ્યા હતા. જોકે, ત્યાં હાજર તબીબોએ તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે રામજીભાઈએ મહેળાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે અકસ્માત સર્જી ફરાર થઈ ગયેલા પીકઅપ ગાડીના ચાલક વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

---

## યુવતીનું અપહરણ કરી નરાધમે દુષ્કર્મ ગુજાર્યું

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૩

નડિયાદ શહેરના હાર્દ સમાન વિસ્તારમાંથી એક માનસિક અસ્વસ્થ યુવતીને ફોસલાવી, એકાંત સ્થળે લઈ જઈ દુષ્કર્મ આચરવાની ઘટના સામે આવતા પંથકમાં ચકચાર મચી ગઈ છે.

નડિયાદના સરદાર ભવન પાસે ગઈકાલે બપોરે એક માનસિક અસ્વસ્થ યુવતી ઉભી હતી, ત્યારે એક અજાણ્યા મોટરસાયકલ ચાલકે તેની અસ્વસ્થતાનો લાભ લેવાનું કાવતરું રચ્યું હતું. "ચાલ તને તારા ઘરે મૂકી જાઉં તેમ કહી, લાલચ આપી તેણે યુવતીને બાઈક પર બેસાડી દીધી હતી. બાદમાં આ નરાધમ યુવતીને નડિયાદ નજીક મરીડા સીમ વિસ્તારના એક અવાવરુ અને એકાંત સ્થળે લઈ ગયો હતો, જ્યાં તેણે યુવતીની મરજી વિરુદ્ધ પાશવી દુષ્કર્મ આચર્યું હતું. આ જઘન્ય કૃત્ય કર્યા બાદ નરાધમ પીડિતાને રઝળતી મૂકીને નાસી છૂટ્યો હતો.

આ બનાવ અંગે પીડિતાની બહેને નડિયાદ ગ્રામ્ય પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. આ ઘટનાની સંવેદનશીલતાને સમજીને પોલીસે તુરંત જુદી જુદી ટીમો બનાવી તપાસ શરૂ કરી હતી. આસપાસના સીસીટીવી ફૂટેજની જીણવટભરી તપાસના અંતે પોલીસે આરોપીને શોધી કાઢી તેની ધરપકડ કરવા ચક્રોગતિમાન કર્યાં હતાં.

**મહીસાગર અને રાજકોટના શ્રમિકો સાથે લાખો રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી**

## સંતરામપુરમાં સરકારી ટર્મ લોન યોજનાના નામે ૩૨ લાખનું કૌભાંડ

**ડોક્યુમેન્ટ્સનો** દુરુપયોગ કરી ખોટા બેંક એકાઉન્ટ ખોલાવ્યા

**લોન રિકવરીની** નોટિસ આવતા સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો

(પ્રતિનિધિ) સંતરામપુર તા.૨૩

ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર દ્વારા આપવામાં આવતી ટર્મ લોન યોજનામાં રૂ. ૩૨ લાખ જેટલી માતબર રકમની છેતરપિંડી આચરવામાં આવી હોવાની ફરિયાદ સંતરામપુર પોલીસ મથકે નોંધાઈ છે. નિર્દોષ શ્રમિકોના દસ્તાવેજો મેળવી તેમના નામે ખોટી રીતે લોન મેળવી સરકાર અને નાગરિકો સાથે વિશ્વાસઘાત કરવામાં આવ્યો છે.

આ કૌભાંડનો ભોગ બનેલા રાજકોટ ખાતે ખાનગી નોકરી કરતા ગોપાલભાઈ વાદીને જ્યારે સામાજિક કલ્યાણ અધિકારી તરફથી લોન ભરપાઈ કરવાની નોટિસ મળી ત્યારે આ છેતરપિંડી પ્રકાશમાં આવી હતી. તપાસ કરતા જાણવા મળ્યું કે, તેમના નામે રૂ. ૧.૫૦ લાખની લોન મંજૂર કરાવી લેવામાં આવી હતી, જેના ૫૯ હપ્તા બાકી હતા. જ્યારે તેઓ લુણાવાડા સામાજિક કલ્યાણ કચેરીએ પહોંચ્યા ત્યારે અન્ય ૧૭ જેટલા શ્રમિકો પણ આવી જ નોટિસો લઈને ત્યાં હાજર હતા.

ફરિયાદ મુજબ, ભેજાબાજ અનિલભાઈ જશવંતભાઈ પરમાર અને અન્ય શખ્સોએ ભેગા મળીને શ્રમિકોના આધારકાર્ડ, પાનકાર્ડ અને બેંક પાસબુક જેવા દસ્તાવેજો મેળવ્યા હતા. આ દસ્તાવેજોનો દુરુપયોગ કરી, ભોગ બનનારાઓની જાણ બહાર અલગ-અલગ બેંકોમાં ખોટી સહીઓ કરી ખાતા ખોલાવ્યા હતા અને સરકારી સબસિડી તથા લોનની રકમ પડાવી લીધી હતી. હાલ પોલીસે અનિલભાઈ પરમાર તથા અન્ય સંડોવાયેલા શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસને આશંકા છે કે તપાસ દરમિયાન કૌભાંડનો આંકડો હજુ પણ વધી શકે છે.

## બાલાસિનોરમાં ત્રિપાંખીયા અકસ્માતમાં એકનું મોત

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.૨૩

બાલાસિનોર-અમદાવાદ-ઈન્દોર હાઈવે પર માનવ હોટલ સામે એક મોપેડ ચાલકની બેદરકારીને કારણે સર્જાયેલા ગંભીર અકસ્માતમાં ૪૪ વર્ષીય હોટલ વેટરનું મોત નીપજ્યું છે.

મૂળ લુણાવાડાના ઉંદરા ગામના અને બાલાસિનોરની હોટલમાં વેટર તરીકે નોકરી કરતા મનુભાઈ ઉર્ફે મનોજભાઈ (ઉ.વ. ૪૪) ગત ૩૦મી એપ્રિલ ૨૦૨૬ ના રોજ સવારે સાથી કર્મચારીઓ સાથે એક્ટિવા પર હોટલ જઈ રહ્યા હતા. સવારે તેઓ માનવ હોટલ પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે આગળ જઈ રહેલા એક મોપેડ ચાલકે સાઈડ લાઈટ કે હાથનો ઈશારો કર્યા વિના અચાનક જ વાહન રોંગ સાઈડમાં વાળી દીધું હતું. આ અચાનક વળાંકને કારણે એક્ટિવા મોપેડ સાથે ધડાકાભેર અથડાયું હતું અને પાછળથી આવતી એક અન્ય મોટરસાયકલ પણ તેમની સાથે ભટકાઈ હતી. આ ગંભીર અકસ્માતમાં મનુભાઈને માથાના ભાગે જીવલેણ ઈજાઓ થતા તેમને પ્રથમ બાલાસિનોર અને ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદની એલ.જી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં લાંબી સારવાર બાદ મનુભાઈનું અવસાન થયું હતું. બાલાસિનોર પોલીસે આ મામલે મોપેડ નંબરના આધારે ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.